# ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્કુટર ચોરી કરતી ગેંગનો આતંક

## છ માસમાં એક ડઝન જેટલા સ્કુટર્સ ચોરાયા હોસ્પિટલના બે કર્મચારીઓ પણ ભોગ બન્યા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી સ્કુટર્સ ચોરી થઈ જવાનાં કિસ્સાઓ છેલ્લા છ માસથી વધી ગયા છે. એક ડઝન જેટલા સ્કુટર્સ છ માસમાં હોસ્પિટલ સંકુલમાંથી ચોરી થયા છે. જો કે હજુ સુધી આ સ્કુટર ચોરતી ગેંગ પોલીસનાં સકંજામાં આવી નથી. સિવિલ હોસ્પિટલના સ્ટાફ કર્મચારીઓ પૈકી બે કર્મચારીઓએ પણ પોતાના સ્કુટર ગુમાવ્યા છે.

થોડા વર્ષો અગાઉ માત્ર સ્કુટર જ ચોરી કરતી ગેંગ પોલીસે પકડી પાડી હતી. આ ગેંગે સ્કુટર જ ચોરી કરી જવા પાછળના કારણમાં જણાવ્યું હતું કે સરળતાથી લોક ખુલી જાય છે અને સ્કુટરની આર.સી. બુક કે અન્ય કાગળોનો વેચતી વખતે કોઈ ખાસ આગ્રહ રાખતું હોતું નથી અને જો સ્કુટર જુનું હોય તો કબાડીમાં આપી દે તોય રૂ. ૨૫૦૦ તો બંધ સ્કુટરના મળી જતા હોય છે તેથી સ્કુટર ચોરી કરતાં હતાં. અને સ્કુટર ચોરાઈ જાય તો કોઈ જ પોલીસ ફરિયાદ પણ કરતું નથી તેથી સ્કુટર ચોરી કરવાનું આ ગેંગ પસંદ કરતી હતી.

આ જ પ્રકારની એક બીજી ગેંગ ગાંધીનગરમાં સક્રિય થઈ છે તેમાં પણ ખાસ સિવિલ હોસ્પિટલને ટાર્ગેટ બનાવીને ત્યાંના પાર્કીંગમાંથી સ્કુટર ચોરી કરી ગેંગ ફરાર થઈ જાય છે. સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા બે કર્મચારીઓ પણ અત્યાર સુધીમાં પોતાના સ્કુટર ગુમાવી ચુકયા છે. છેલ્લા છ માસમાં હોસ્પિટલ સંકુલમાંથી એક ડઝન જેટલા સ્કુટર્સ ચોરાઈ ગયા છે.

લ્યો... હવે ઉચ્ચ અધિકારીઓના બંગલા પણ સલામત નથી

# સે. ૨માં નિવૃત્ત આઈપીએસનાં બંગલામાં ૧૨.૯૮ લાખની ઘરફોડ

## બંગલાના દરવાજાનો નકુચો તોડીને તસ્કરો રોકડા રૂપિયા તથા સોના-ચાંદીના દાગીના બઠ્ઠાવી ગયા : બંગલો ૩૧ જાન્યુઆરીથી બંધ હતો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરનાં વીવીઆઈપી ગણાતા સેકટરનાં એક એવા સે. ૨માં પણ તસ્કરોનો પગપેસારો થઈ ગયો છે. હવે ઉચ્ચ અધિકારીઓના બંગલા પણ સલામત રહ્યા નથી. સે. ૨માં રહેતા નિવૃત્ત આઈપીએસ અધિકારી ભીમસિંહ વસાવાના બંધ બંગલામાં ઘુસીને તસ્કરો સોના-ચાંદીના દાગીના તથા રોકડા મળીને અંદાજે રૂ. ૧૨.૨૮ લાખનો મુદ્દામાલ ચોરી કરી સરકી ગયા છે. સે. ૭ પોલીસે નિવૃત્ત આઈપીએસની ફરીયાદ લઈને ફિંગર પ્રીન્ટ નિષ્ણાંત તથા ડૉગ સ્કવોર્ડની મદદ લઈ ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ નિવૃત્ત આઈપીએસ અધિકારી ભીમસિંહ વસાવા ગાંધીનગર શહેરના સેક્ટર-૨-ડી ખાતે એક બંગલામાં રહે છે. ૩૧ જાન્યુઆરીથી તેઓ પરિવાર સાથે બહારગામ ગયા હતા. ૩૧મીથી બંધ તેમના બંગલાને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. બંગલાના મુખ્ય દરવાજાનો નકુચો તોડીને તેમાં પ્રવેશી તસ્કરોએ તમામ રૂમો ફેંદી નાંખ્યા હતા. રોકડ રૂપિયા તથા સોના-ચાંદીના દાગીના મળીને તસ્કરો આશરે રૂ. ૧૨.૨૮,૫૦૦નો મુદ્દામાલ ઉઠાવી રફફુચક્કર થઈ ગયા હતા. બંગલા માલીક નિવૃત્ત આઈપીએસને ઘરફોડની જાણ થતાં તાત્કાલિક ઘરે આવી ગયા હતા અને પોલીસને બોલાવી લીધી હતી. સે. ૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને સિનિ. પી.આઈ. જે.એમ. ભરવાડે ઉંડી તપાસ શરૂ કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૨
સૂર્યાસ્ત : ૬.૧૪

## તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૩૭ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જયહો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જયહો : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
જયહો : ૧૧.૧૫, ૮.૧૫
દેઢ ઈશ્કિયા : ૨.૧૫
યારીયાન : ૫.૧૫

### સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
જયહો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૩.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જયહો : ૧૨.૪૫, ૬.૪૫
વન બાય ટુ : ૩.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
જયહો : ૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૪, ૧૦.૦૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
જયહો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
જયહો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા, વાવોલ

જયહો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વન બાય ટુ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જયહો : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
જયહો : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### ચિરાગ સિનેમા(કલોલ)

જયહો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## પંચદેવ મંદિર ખાતે સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા.૩

સેકટર-૨૨ પંચદેવ મંદિર ખાતે ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસ પીઠે આજ રોજ રાત્રે ૮-૦૦ કલાકે સુંદરકાંઠ પાઠ યોજાશે. જેમાં નગરના ભાવિ ભકતોને પધારવા જણાવાયું છે.

## માસિક બેઠકનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૩

શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગર સમિતિની બેઠક તા. ૬ ફેબ્રુઆરી ગુરુવાર સાંજે ૪-૦૦ કલાકે કાર્યાલય સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સેકટર-૨૨ ખાતે યોજાશે.આ બેઠકમાં સર્વે પદાધિકારીઓ અને કારોબારી સભ્યોને હાજર રહેવા ડી.પી. સંઘાણીએ જણાવ્યું છે.

## સે-૩/સીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૩

મેલડી આનંદ ગરબા મંડળના મધુબેન કડીકરના કંઠે આનંદનો ગરબો ડાહીબેન પરમાર તરફથી તા. ૪ ફેબ્રુઆરી, મંગળવાર બપોરે ૨.૩૦ કલાકે સેકટર-૩-સીના શકિત મંદિરના ચોકમાં યોજવામાં આવશે. મોટી સંખ્યામાં ભાવિ ભકતોને દર્શનનો લાભ લેવા જણાવ્યું છે.



ગાંધીનગરની શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારના સુનોક તથા ખારી ગામ પાસે સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરાઈ હતી. જેમાં ૧૫૫ લાભાર્થીને ૩ કિલો ચોખા અને શાકભાજીનું બિયારણ અપાયું હતું. આ ઉપરાંત આ વિસ્તારના બાળકોને દફતર, નોટબુક, ગણવેશની ચડ્ડી, સ્ટીલની ડીશ, આંગણવાડીના બાળકોને ગરમ કપડાં વગેરેનું વિતરણ કરાયું હતું. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર ખાતે નારી અદાલતની બહેનોની રાજ્યકક્ષાની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૩

રાજ્ય સરકાર મહિલાઓને આર્થિક પગભર બનાવવા તેમજ તેમના -્નનું સમાધાન કરવા કટીબદ્ધ છે. જેના ભાગરૂપે મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે નારી અદાલતની બહેનોની રાજ્યકક્ષાની શિબિર યોજાઈ હતી. રાજ્ય મહિલા આયોગ અને મહિલા સામખ્યના સંયુકત ઉપક્રમે યોજાયેલી શિબિરમાં નારી અદાલતની બહેનોને મહિલાઓના સામાજિક -્નના ઉકેલ-સમાધાનની સાથે સાથે મહિલાઓને આર્થિક સક્ષમ બનાવવા શું શું કરી શકાય તે વિશે ઉપસ્થિત મહાનુભાવોએ માર્ગદર્શન આપ્યું હતું.

મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કહ્યું હતું કે, બહેનોને આર્થિક પગભર બનાવવાથી સમાજ-કુટુંબના ઘણા -્નોનું નિરાકરણ લાવી શકાય છે. રાજ્યમાં વર્તમાનમાં ૬૩ નારી અદાલતો કાર્યરત છે. નારી અદાલતોનું કાર્ય માત્ર કૌટુંબિક -્નના સમાધાન પુરતું મર્યાદિત ન રહેતા મહિલાઓને આર્થિક પગભર બનાવવા રાજ્ય સરકારે અમલી બનાવેલ વિવિધ મહિલા કલ્યાણ અને રોજગારલક્ષી યોજનાઓથી વાકેફ કરી તેનો લાભ જરૂરિયાતમંદ મહિલાઓને અપાવવાનો છે. ૭૦૦૦થી વધુ વસતી ધરાવતા ગામડાઓ સુધી નારી અદાલતોનો વ્યાપ વધારવો જોઈએ. ગામના -્નનું ગામમાં જ નિરાકરણ લાવવું જોઈએ. આગામી સમયમાં રાજ્યના તમામ તાલુકાઓમાં નારી અદાલતો રચવાનું લક્ષ્યાંક નક્કી કરાયું છે.

બહેનોના સર્વાંગી વિકાસ માટે -થમ શિક્ષણ પર ભાર મુકવો ખૂબ જ જરૂરી છે. રાજ્ય સરકારે અંગ્રેજી ભાષા ઉપર ગુજરાતીઓ -ભુત્વ મેળવી શકે તે માટે નજીવા દરે ''સ્કોપ''ના વર્ગો તેમજ કોમ્પ્યુટરની તાલીમ માટે ''એમ્પાવર'' જેવા કાર્યક્રમો શરૂ કર્યા છે. મહિલાઓને આપવામાં આવેલ અનામતને કારણે સરકારી નોકરીઓમાં પણ મહિલાઓ પોતાનું આગવું સ્થાન બનાવી રહી છે. નોકરીના સ્થળે મહિલાઓની સુરક્ષા માટે દરેક જિલ્લામાં મહિલા સેલ પણ કાર્યરત કરવાના -યત્નો સક્રિય કરવામાં આવ્યા છે. રાજ્યમાં મહિલા ક્ષેત્રે કાર્ય કરતા તમામ આયોગ-સંસ્થાઓએ સાથે મળી કાર્ય કરવાથી શ્રેષ્ઠ પરિણામો મેળવી શકાશે. મંત્રીશ્રીએ ગુજરાતની મહિલાને અભય બનાવતી ૧૮૧ અભયમ ૨૪ × ૭ મહિલા હેલ્પલાઈન સેવા -યોગિક ધોરણે ત્રણ જિલ્લામાં કાર્યરત કરાશે, તેમ પણ જણાવ્યું હતું.

## મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ મહિલા હેલ્પલાઈનનો પ્રારંભ કરશે

ગાંધીનગર, તા. ૩

મહિલાઓને ઘરેલુ હિંસામાં તાત્કાલિક ધોરણે બચાવ, સલાહ માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાની જાણકારી પૂરી પાડતી મહિલા હેલ્પલાઈન ૧૮૧ 'અભયમ'નો પ્રારંભ તા.૪-૨-૨૦૧૪ના રોજ મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્હસ્તે કરવામાં આવશે. પ્રાયોગિક ધોરણે અમદાવાદ અને સૂરત શહેર તેમજ ગાંધીનગર જિલ્લામાં આ સેવાનો પ્રારંભ કરાશે. ૧૮૧ અભયમ હેલ્પલાઈન સાથે મહિલા આયોગની હેલ્પલાઈન, ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮, ૧૦૯૧ તેમજ ૧૦૮ અને ૧ સાથે પણ જોડવામાં આવશે એમ મહિલા બાળ વિકાસ વિભાગના નાયબ સચિવશ્રી આર. વી. ભગતની યાદીમાં જણાવાયું છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## આપની આજ

**મેષ** : ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**વૃષભ** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

**મિથુન** : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

**કર્ક** : નવા સંબંધ બની શકે છે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા મળશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે. વધુ પ્રયત્ન કરવો પડશે.

**તુલા** : મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું. આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના. અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ.ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

**મકર** : શુભ માંગલિક કાર્યોનું આયોજન થશે. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની શકયતાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.

**કુંભ** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યોનો યોગ. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

## ચિરવિદાય

- સ્વ. હેમતુજી બબાજી ઠાકોર (ઉ.વ. ૫૦)મુ.પો. લેકાવાડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પૂંજીબેન કાળીદાસ રાઠોડ (ઉ.વ. ૧૦૫)મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.

# વિકલાંગોને પરીક્ષામાં રાઈટર આપવા માટે નિયમોમાં સુધારા

## ગુજરાતીમાં વપરાતા-વિદ્યાર્થીઓ જેમાં ભૂલો કરે છે તેવા જોડણીવાળા શબ્દોની શિક્ષણ બોર્ડ એક પુસ્તિકા બનાવશે

ગાંધીનગર, તા. ૦૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ગુજરાતી ભાષામાં વારંવાર વપરાતા અને વિદ્યાર્થીઓ જેમાં ભૂલો કરે છે તેવા અઘરી જોડણીવાળી શબ્દોની શિક્ષણ બોર્ડ એક પુસ્તિકા બનાવશે અને આ પુસ્તિકા રાજ્યની દરેક શાળાઓને આપી વિદ્યાર્થીઓમાં વહેંચવા માટે તાકીદ કરાશે. આ ઉપરાંત પરીક્ષામાં વિકલાંગ વિદ્યાર્થીઓને લહીયો આપવાની નિયમમાં ફેરફાર કરાયો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે કમરકસી છે. જેના ભાગરૂપે શિક્ષણ બોર્ડે વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતી ભાષામાં જોડણીની ભુલો સુધારવા ઉપર ખાસ ધ્યાન આપવાનું નક્કી કર્યું છે. જેના ભાગરૂપે શિક્ષણ બોર્ડ ગુજરાતી ભાષામાં વારંવાર વપરાતા અને વિદ્યાર્થીઓ જેમાં ભુલો કરે છે તેવા અઘરી જોડણીવાળા શબ્દોની પુસ્તિકા બનાવવામાં આવશે. આ પુસ્તિકા દરેક શાળાઓને આપવામાં આવશે અને શાળાઓએ આ પુસ્તિકા વિદ્યાર્થીઓમાં વહેંચવાની રહેશે. આ ઉપરાંત બોર્ડ દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો માટેનાં ખાનગી અહેવાલનું સ્વરૂપ બદલવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં કોઈપણ શિક્ષણ ક્ષમતાના આધાર મુલ્યાંકન થાય તે માટે ખાનગી અહેવાલોને માન્ય રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત શાળામાં વિકલાંગ બાળકોને યોગ્ય શિક્ષણ મળી રહે તે માટે વિવિધ પ્રકારની શૈક્ષણિક સવલતોનો વિકાસ કરવામાં આવશે. આ ઉપરાંત વિકલાંગ વિદ્યાર્થીઓને પરીક્ષામાં લહીયો આપવાની જોગવાઈમાં નીચલા ધોરણમાં ૬૫ ટકા કરતા ઓછા માર્ક ધરાવતા વિદ્યાર્થીને જ લહીયો તરીકે અપાતો જેમાં સુધારો કરીને હવે ૬૫ ટકા કરતા ઓછા માર્કની જોગવાઈ દર કરવામાં આવી છે. આ ઉપરાંત શિક્ષકો પોતાની શાળામાં આવતા વિકલાંગ વિદ્યાર્થીની વિકલાંગતાને ઓળખી શકે તે માટે કાર્યક્રમ હાથ ધરવામાં આવશે.

# અપહ્યુત યુવતીનો અઠવાડીયા બાદ પણ કોઈ જ પત્તો નથી..!

## કલોલના લીંબોદરા ગામના યુવક-યુવતીએ પ્રેમલગ્ન કરી લેતા યુવતીના સગાઓએ ત્રીમંદિરથી અપહરણ કર્યું હતું : એકની ધરપકડ

ગાંધીનગર, તા. ૩

કલોલ તાલુકાના લીંબોદરા ગામના યુવક-યુવતીએ પ્રેમલગ્ન કરી લેતા યુવતીના કુટુંબીજનો રોષે ભરાયા હતા. ત્રીમંદિર રોડ પરથી ગાડી લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે યુવતીના પિતરાઈ ભાઈઓએ મળીને બન્નેનું એક ગાડીમાં અપહરણ કરી લીધુ હતુ. રાત્રે યુવકને છોડી દીધો હતો પરંતુ યુવતીનો હજુ સુધી કોઈ પત્તો નથી. એક આરોપીની અડાલજ પોલીસે ધરપકડ કરી પુછપરછ શરૂ કરી છે પરંતુ હજુ તેણીના સગડ મળ્યા નથી.

લીંબોદરા ગામમાં રહેતા યુવક-યુવતી પ્રેમલગ્ન કરીને ભાગી ગયા હતા. યુવતીના સગા સંબંધીઓ આ મામલે ઉશ્કેરાઈ ગયેલા હતા. દરમ્યાન યુવક-યુવતી ત્રિમંદિર રોડ પરથી ગાડી લઈને જઈ રહ્યા હતા ત્યારે અઠવાડિયા અગાઉ યુવતીના સગા-વ્હાલાઓ પૈકી કેટલાકે તેમની ગાડીને આંતરીને યુવક-યુવતીનું અપહરણ કરી લીધુ હતુ. યુવકને તે જ રાત્રે છોડી મુક્યો હતો. જ્યારે એક અઠવાડિયાથી અપહ્યુત થયેલી યુવતીનો આજ દિન સુધી કોઈ પત્તો મળ્યો નથી. આ બનાવ અંગે અડાલજ પોલીસે અપહરણનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. દરમ્યાન આ ગુનામાં એક આરોપી (યુવતીના મામાનો દિકરો ) ઝડપી લીધો છે અને રિમાન્ડ મેળવી તેની પુછપરછ શરૂ કરી અન્ય આરોપીઓને શોધવા તજવીજ શરૂ કરી છે.

# ધો-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના અધ્યન સ્તરનું મુલ્યાંકન કરાશે

## માધ્યમિક શાળાઓમાં પણ હવે ગુણોત્સવનો કાર્યક્રમ હાથ ધરાશે : જિલ્લાની ૨૨૫ શાળાઓમાં ધો-૯ના ૩૨ હજાર વિદ્યાર્થીઓનું મુલ્યાંકન થશે

ગાંધીનગર, તા.૩

માધ્યમિક શાળાઓમાં ગુણવત્તાનુંસ્તર ચકાસવા અને અધ્યનના સ્તરને અનુરુપ ગુણવત્તા સુધારણા કાર્યક્રમને અમલમાં મુકવા પ્રથમવાર રાજયની માધ્યમિક શાળાઓમાં પણ હવે ગુણોત્સવની કાર્યવાહી હાથ ધરાશે. ગાંધીનગર જિલ્લાની ૨૨૫ જેટલી શાળાઓમાં ધો-૯માં અભ્યાસ કરતા ૩૨ હજાર જેટલા વિદ્યાર્થીઓનું મુલ્યાંકન કરાશે.

સમગ્ર દેશમાં પ્રથમવાર રાજયની માધ્યમિક શાળાઓમાં ગુણવત્તાનું સ્તર સુધારણાનો કાર્યક્રમ અમલી બનાવાશે. આ ગુણોત્સવના કાર્યક્રમ અન્વયે ધો-૯માં અભ્યાસ કરતા બાળકોના અધ્યનના સ્તરનું મુલ્યાંકન કરવામાં આવશે. રાજયની માધ્યમિક શાળાઓમાં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓનું શૈક્ષણિક ગુણ સુધારણા કાર્યક્રમમાં ઉપયોગિતાનું મુલ્યાંકન કરાશે. શિક્ષકોની કામગીરીનું સ્વ મુલ્યાંકન કરાશે. આ ઉપરાંત શાળાઓમાં હાથ ધરવામાં આવતી સહશૈક્ષણિક પધ્ધતિઓનું મુલ્યાંકન પણ કરાશે. જયારે ગુણોત્સવના લીધે વિદ્યાર્થીઓના અધ્યયન સ્તરને અસરકર્તા પરિબળો, અધ્યયન સ્તર સુધારણા માટેના સૂચનો, ઉપચારાત્મક કાર્યક્રમો અને તાલીમો પણ યોજવામાં આવશે. રાજયની માધ્યમિક શાળાઓના શૈક્ષણિક સ્તરને સુધારવા પ્રયાસ કરશે. રાજયની સરકારી બિન સરકારી ગ્રાન્ટેડ-સ્વનિર્ભર સહીતની શાળાઓમાં ફરજિયાત ગુણોત્સવ કરવો પડશે. ગાંધીનગર જિલ્લાની ૨૨૫ જેટલી માધ્યમિક શાળાઓમાં ધો-૯ના ૩૨ હજાર વિદ્યાર્થીઓને ગુણોત્સવ હેઠળ આવરી લેવાશે.

# ગરીબી રેખા માટે આવક મર્યાદા પંચ નક્કી કરે છે

અમદાવાદ, તા. ૦૩

ગુજરાતમાં બીપીએલ પરિવારોની સંખ્યા-ઓળખ નિર્દેશ કરવા માટેનાં નવા માનાંક બાબતે પ્રસિધ્ધ થયેલા અહેવાલોને ગેરમાર્ગે દોરનારા અને હકીકતથી વેગળા ગણાવતાં રાજ્ય સરકારનાં પ્રવક્તા નાણાંમંત્રી નિતીન પટેલ અને અન્ન, નાગરીક પુરવઠા મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સંયુક્ત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે હકીકત તો એ છે કે ગરીબી રેખા માટે આવક મર્યાદા નક્કી કરવાની ન તો ગુજરાત સરકારને સત્તા છે કે, ન તો ગુજરાત સરકારે આવી કોઈ મર્યાદા નક્કી કરી છે. ગરીબી રેખા માટે આવક મર્યાદા નક્કી કરવાની સત્તા ભારતના આયોજન પંચની છે, અને આ આવક મર્યાદા ભારતના આયોજન પંચે જ નક્કી કરી છે. ભારતના આયોજન પંચના ૧૨-૧-૦૪ના પત્રથી આ આવક મર્યાદા ગુજરાત માટે વર્ષ ૨૦૦૧-૦૨ થી ગ્રામ્ય વિસ્તાર માટે માસિક રૂા. ૩૨૪ અને શહેરી વિસ્તાર માટે માસિક રૂા. ૫૦૧.૧૪ નક્કી કરેલી છે.

૨૦૦૪ના વર્ષમાં ભારત સરકારે જે ધોરણો નિર્ધારીત કર્યા તે ગુજરાત જેવા વિકસીત રાજ્ય માટે ઓછા હોવાથી અને તેના પરિણામે અનેક પરિવારોને યોજનાકીય લાભ ન આપી શકાય તેમ હોવાથી ગુજરાત સરકારે તો આ બાબતે વારંવાર કેન્દ્ર સમક્ષ રજુઆતો કરેલી છે, અને વર્ષ ૨૦૧૦માં ફરીથી તત્કાલીન કેન્દ્રીય અન્નમંત્રી શરદ પવારને પત્ર પાઠવીને આ બાબતે પુનઃ રજુઆત કરી હતી. પરંતુ કેન્દ્રીય મંત્રીએ પણ આ અંગે કોઈ સુધારણા શક્ય નથી તેમ સ્પષ્ટપણે જણાવ્યું હતું. તેમ છતાં પુનઃ ફેબ્રુઆરી-૨૦૧૩માં કેન્દ્રિય અન્નમંત્રી કેવી થોમસને ગુજરાત સરકારે પત્ર પાઠવીને આ બાબતે રજુઆત કરતાં તેમણે પણ ગુજરાતની આ રજુઆત ગ્રાહ્ય ન રાખતાં આ સુધારણા કરવા પુનઃ ઈન્કાર કર્યો છે. પરંતુ કેન્દ્ર સરકારે ગુજરાતનાં ગરીબોને આ યોજનાનો લાભ ન મળે તે માટે ઈરાદાપૂર્વક આવક મર્યાદા વધારી નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત સરકારની અવારનવારની રજુઆત ઉપરાંત મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૨ ઓક્ટોબર ૨૦૧૧માં મળેલી ૫૬મી રાષ્ટ્રીય વિકાસ પરિષદની બેઠકમાં ગરીબીનાં અંદાજો કાઢવાની બાબતમાં પણ ગરીબીના અંદાજો અંગે શહેરી અને ગ્રામીણ ગરીબોની આવક મર્યાદામાં રેહલી ત્રુટિઓ, અભિગમ અને કાર્ય પદ્ધતિ બાબતે વડાપ્રધાન સમક્ષ પણ રજુઆત કરી હતી છતાં ત્રણ-ત્રણ વર્ષ થવા છતાં પણ આ બાબતે કેન્દ્ર સરકારે કોઈ નિર્ણય કર્યો નથી. તે દુઃખદ છે. બેઠકમાં સ્પષ્ટ કહ્યું હતું કે, આયોજન પંચ ગરીબીના આંકડાઓ માત્ર આંકડા તરીકે જ મુલવે છે તેને ગરીબોની વેદના, દુઃખ અને પીડાના સહાનુભૂતિ હોય કે તે દર કરવા માટેની કોઈ ઈચ્છાશક્તિ નથી.